R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 01 DATE: 04-01-2013 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



## સીરીયાનો સંઘર્ષ ભારતમાં વસતા સીરીયન ખ્રિસ્તીઓને બાધારુપ બન્યો છે

ગ્રેગોરીયસ જેકોબાઈટ સીરીયન કેથેડ્રલ,મીટ્ટુગુડા,સિકંદરાબાદના પ્રીસ્ટ જણાવે છે કે સીરીયામાં ચાલી રહેલ સંઘર્ષને કારણે ભારતથી સીરીયાના પવિત્ર સ્થળોની યાત્રા કરનારાઓને આ કારણે અસુવિધા ઉભી થઇ છે.પહંલા બેથલેહેમ, જેરુસાલેમ અને સીરીયાની પવિત્ર યાત્રા કેટલાક ટ્રાવેલ એજન્ટો કન્સેસન રેટથી આપતા હતા.પરંતુ છેલ્લા બે વર્ષથી સીરીયામાં ચાલી રહેલ સંઘર્ષને કારણે આ યાત્રાઓમાંથી કન્સેસન જતુ રહ્યું છે. તારા ઈપેન, આ કોમ્યુનીટીના એક સભ્યને જણાવ્યું હતું.

જેકોબાઈટ સીરીયન ક્રિશ્ચિયન,જેઓ કેરાલમાં ૬૦ વર્ષ પહેલા સ્થાઈ બન્યા હતા. તેઓ અહીયાં લઘુમતીમાં છે.રાજુ ઈપેન દ્વારા જણાવાયું હતું કે લગભગ ૨૫૦ કટુંબો હાલમાં અહીયા રહે છે.જેને ત્રણ ચર્ચોએ વહેચી લીધા છે.તેમના બે આર્ચબિશપ સીરીયાના છે તેમને અપહરણકારોએ છેલ્લા કેટલાક સમયથી બાનમાં લીધેલ છે.આ કોમ્યુનીટી ભારે સતાવણીનો સામનો કરી રહી છે.કેટલાક લોકો લેબેનોનમાં હિજરત કરી ગયા છે.બીજા કેટલાક સીરીયન ક્રિશ્ચિયનો તો ઈસુના શિષ્ય સંત થોમા ઈ.સ.૫૨ અહી આવ્યા બાદના બનેલા ખ્રિસ્તીઓ છે.અને ત્યાર બાદ સીરીયન મીશનરીઓ દ્વારા ખ્રિસ્તીઓ બનેલા લોકો છે જે ઈ.સ. ૩૪૫ થી ખ્રિસ્તી બનેલ છે.

બીજા બધાને તેમના પોતાના બિશપ છે.જ્યારે સીરીયન ખ્રિસ્તીઓ સીરીયાક ઓર્થોડોક્સ પેટ્રીઆર્ચ મોરન મોર ઈગ્નાશીયસ ઝાકા દ્રીતીયને તેમના આત્મિક નેતા ગણે છે.જે સ્થાનિક મેટ્રોપોલીટીન ઓફ માયલાપોર ડાયોસીસ મોર ઓસ્થાથીઓસ ઈસાકનું પ્રતિનિધિત્વ કરે છે.સીરીયન ભાષાને મલયાલમ ભાષામાં અનુવાદિત કરાઈ છે જેથી સ્થાનિક લોકોને સમજવામાં સરળતા રહે.ખાસ રસ પડે તેવી બાબત એ છે કે ચર્ચ સર્વીસને તેઓ હોલી કુરબાના ગણે છે. જે કદાચ ઈસ્લામને મળતી આવતી છે.મુર્તિપુજા માનવામાં આવતી નથી. પરંતુ ઈસુ,સેંટ મેરી અને બીજા સંતોના ચિત્રો ચર્ચો અને તેમના ઘરોમાં જોવા મળે છે.

હાલમા આ શહેરમાં ત્રણ જેકોબાઈટ સીરીયન ચર્ચો આવેલા છે.જેમાં મોર ગ્રેગોરીયસ જેકોબાઈટ સીરીયન ઓર્થોડોક્સ કેથેડ્રલ, મીટ્ટુગુડા, સેટ જ્યોર્જ જેકોઈટ સીરીયન ઓર્થોડોક્સ ચર્ચ, નાગારામ,ઈસીઆઈએલ અને સેંટ મેરી જેકોબાઈટ સીરીયન ઓર્થોડોક્સ ચર્ચ, જેનું હાલમાં બાંધકામ મીયાપુર ખાતે થઈ રહ્યું છે.

## સેન્ટ્રલ આફ્રિકન રીપબ્લીક માં મુસ્લીમો અને ખ્રિસ્તીઓ વચ્ચે સંઘર્ષમાં ૧૦૦ના મોત



હિસાનો દોર સેન્ટ્રલ આફિકન રીપબ્લીકમાં વધતો ચાલ્યો છે અને હવે ઈન્ટરનેશનલ કોમ્યુનીટીએ આ ઘટનાઓને રોકવા માટે હસ્તક્ષેપ કરવાની જરુરીયાત ઉભી થઈ છે.૧૬૦૦ ફ્રેંચ સૈનિકોનું એક દળ સેન્ટ્રલ આફિકન રીપબ્લીકની શેરીઓમાં ફરી રહ્યું છે અને મુસ્લીમ અને ખ્રિસ્તીઓ વચ્ચે ચાલી રહેલ લોહીયાળ સંઘર્ષનો અંત લાવવા માટે પ્રયત્ન કરી રહ્યું છે.

રેડક્રોસના જણાવ્યાનુસાર ૪૬૦ થી વધુ લોકોની હિંસા ગત સમયમાં થઈ છે.જેમાં વધુ પડતા બાળકોનો સમાવેશ થતો હતો.બે ફ્રેચ સૈનિકોના પણ મોત નિપજ્યા હતા,રાત્રિ દરમીયાન આ સોલ્જરો પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે તેમની હત્યા કરવામાં આવી હતી.બેનગુઇ ખાતે આવેલ સેંટ પોલ ચર્ચના કેમ્પાઉન્ડમાં ૨૦ હજાર શરણાર્થીઓ શરણ લઈ રહ્યા છે.કેટલાક લોકો મુસ્લીમો અને ખ્રિસ્તીઓ વચ્ચે સંઘર્ષ થાય તે માટે પ્રયત્ન કરી રહ્યા છે.આર્ચબિશપ બેનગુઈએ જણાવ્યું હતું કે તેઓ આ બધી બાબતોનો સામનો કરી રહ્યા છે અને કોઈપણ જાતનો સંઘર્ષ થાય તેવું તેઓ ઈચ્છતા નથી.

સેન્ટ્ર આફ્રિકન રીપબ્લીક સરકાર જે ખ્રિસ્તીઓની બનેલી હતી તેને મુસ્લીમ રીબેલોએ ફેકી દીધી છે.અને આ રીબેલો દ્વારા લુંટ,બળાત્કાર,ખુન વિગેરે ઘટનાઓ બનવા પામી છે.ફ્રેચ ટ્રુપ દ્વારા મુસ્લીમ રીબેલો પાસેથી હથિયાર લઈ લેવામાં આવી રહ્યા છે.પરંતુ હજુ ઘણા બધા લોકો પાસે હથિયારો છે.ગત સપ્તાહમાં એક ખ્રિસ્તી યુવકે એક મસ્જીદ ઉપર ગોળીબાર કર્યો હતો.પરંતુ આર્ચબિશપ શાંતિ જાળવવા માટે અપીલ કરી રહ્યા છે. અને તેઓ ખ્રિસ્તીઓને મુસ્લીમો સામે બદલાની ભાવનાથી કોઈપણ કાર્ય નહી કરવા વિનંતી કરી રહ્યા છે.દરેક વ્યક્તિ શાંતિ જાળવે,તો ન્યાય પણ જળવાશે.ખુબજ કુદરતી શ્ત્રોત્રો અસ્તિત્વ ધરાવતા આ દેશમાં સોનું અને હીરાનો ભંડાર છે છતાંય લોકો ગરીબ છે.પાંચ દાયકાથી લોકોની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી.યું.એસ મીલીટરી મંજુર કર્યુ હતું કે તેઓ શાંતિ બહાલ કરવા માટે આફ્રીકન યુનીયન પીસકીપીંગ ટ્રુપને ત્યાં મોકલશે.

## આપ ઇફેક્ટ દરેક રાજ્યોમાં થવા માંડી છે

દિલ્હીમાં આપ દ્વારા જનજાગૃતિની એક લહરે સારા દેશની હવામાં બદલાવ લાવવા માંડ્યો છે.ઉંચા વિજળી બિલો,પાણી વિગરે બાબતે આપ દ્વારા લોકોમાં જે વચનો આપવામાં આવ્યા હતા અને તેનો અમલ કરાવવાની તૈયારીઓ થવા માંડી ત્યારથી તેની અસરો દેશવ્યાપી પડી છે.ગુજરાતના નાગરિકો પણ સૌથી ઉંચા વિજ બિલો ચુકવી રહ્યા છે તેમાં રાહત આપવાની માંગણી કરી છે. ગુજરાત સરકારે દિલ્હીના ભાવે વીજળી ગુજરાતના વીજ ગ્રાહકોને આપવી જોઈએ તેવો સુર વહેતો થયો છે.ગુજરાતમાં પ્રજાને યેનકેન પ્રકારે લુંટવામાં આવે છે તેવી ફરિયાદ પણ ઉભી થઈ છે.વેપારીઓને મોકળું મેદાન મળી ગયું છે. અને તંત્ર વિકાસની જાહેરાતો પાછળ સમય બરબાદ કરી રહ્યું છે.મુખ્યમંત્રીશ્રી ભાવિ વડાપ્રધાનની રેસમાં ગુજરાતના નાગરિકોને ભુલી ગયા છે.તેથી ભાવો આસમાન પર જઈ રહ્યા છે.ત્યારે સ્વભાવીક છે કે આપની થીયરી લોકોને સારી લાગે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

અમારા તમામ માનવંતા વાચકો,ગ્રાહકો,પ્રતિનિધિ ભાઈઓ-બહેનો તથા સમાજના તમામ સાથીઓ આપ સહુને ૨૦૧૪ ના નવીન વર્ષની શુભેચ્છાઓ પાઠવું છું.૨૦૧૩નું વર્ષ મારા માટે કથળેલ સ્વાસ્થને કારણ બેઉ સાપ્તાહિકોમાં અસર પહોચી છે.મોટાભાગના મારા માનવંતા વાચકો સુધી પ્રીન્ટ કોપી પહોચાડી શકાઈ નથી.તેનો ભારે ખેદ અનુભવું છું.પરંતુ એ સાથે એક ઈશ્વરનો મહાન ઉપકાર પણ યાદ કરુ છું કે તેમણે મને નવું જીવન આપ્યું.માંદગીના બિછાના પરથી મને પાછો ઉઠાડ્યો.હાર્ટના વાલના ઓપરેશનમાં મારી સહાય કરી તે બદલ ઈશ્વરનો જેટલો ધન્યવાદ અને આભાર માનું તેટલો ઓછો પડે તેમ છે.સાથે સાથે મારી માંદગીના સમયમાં મારા તંદુરસ્તી માટે અનેક લોકોએ પ્રાર્થના કરી તે માટે આપ સહુનો આભાર માનું છું.રુબરુ મુલાકાત લીધી , સંદેશા વ્યવહાર દ્વારા મને સતત પ્રોત્સાહન  અને હિંમત આપતા રહ્યા એ તમામનો મારા હૃદયના ઉંડાણથી આભાર વ્યક્ત કરુ છુ.

૨૦૧૪નું નવીન વર્ષ આપ સહુને માટે સુખદાયી,ફળદાયી અને આર્શીવાદિત બને તેવી શુભેચ્છાઓ પાઠવું છું.ફરીથી નવીન વર્ષમાં આપણા સામાજીક સામાયિકો તમારી તમામની ઈચ્છા સંતોષે એવી મારી ઈચ્છા તથા પ્રાર્થના છે. એ માટે તમારો સહકાર આપી આભારી કરશો એવી તમામ પાસે હું અપેક્ષા રાખું છું.

## મંતવ્ય

આજે ખાસ કરીને તો યુવક યુવતીઓ મોબાઈલ ફોન તથા ઈન્ટરનેટ પાછળ કલાકોના કલાકો ગાળે છે. મોટે ભાગે તેવા કલાકો સમયનો બગાડ છે. અને તેના કારણે અનેક દુષણો આવે છે. એવા આધુનિક ઉપકરણોનો સમાજના વંચિતોને જરુરીયાતમંદોના હિતાર્થે પણ કરી શકાય છે. અંહી એવું એક ઉદાહરણ આપીએ છીએ. અમદાવાદની રીલીફ રોડ પર આવેલી એક સ્કુલના ૧૯૯૦ની બેચના ૩ર જેટલા વિદ્યાર્થીઓએ સોશ્યલ સાઈટ પર પરસ્પરનો સંપર્ક કરીને દીવાળી પુર્વે મળવાનું નક્કી કર્યુ.તેઓ મળ્યા અને વિદ્યાર્થી કાળના સંસ્મરણો તાજા કરી ખુબ આનંદ માણ્યો.આ પ્રસંગને યાદગાર બનાવવા તેમણે દિવાળી પુર્વે જરુરીયાતમંદ પરિવારોને કરિયાણાની કીટ આપવાનં આયોજન કયું.અને શહેરના ન્યુ ક્લોથ માર્કેટ ખાતે પેટીયું રળતાં હાથલારી વાળાઓને કરિયાણાની કિટ દિપાવલી ભેટ તરીકે આપી.લારીવાળાઓની આંખો ભીંજાઈ ગઈ. સોશ્યલ સાઈટનો સદુઉપયોગ પરમાર્થે કેવી રીતી ઉપયોગ કરી શકાય તેનો કેવો પ્રેરણાદાયી અને અનુકરણીય પ્રયોગ

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર  અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

# પોપ ફ્રાંસીસ અને ઇસ્લામીક સંસ્થાઓ સાથે મળીને શાંતિ બાબતે ચર્ચાઓ હાથ ધરશે



એક ઐતિહાસિક ઘટના રુપે પોપ ફ્રાંસીસ અને ઈસ્લામીક સંસ્થાઓ, ઓઆઈસી ના સેક્રટરી જનરલ ખ્રિસ્તીઓ અને મુસ્લીમો વચ્ચેના વિશ્વવ્યાપી સબંધો સુધારવા તેમજ શાંતિ સ્થાપવાની બાબતે ચર્ચો કરવા ૧૩ ડિસેમ્બરે મળવાના હતા.જે પ્રથમ વાર શકય બન્યું છે.ઓરગેનાઈઝેશન ઓફ ઈસ્લામીક કોઓપરેશનના ઈકમીલીદીન ઈહસનોગ્લુ,સેક્રેટરી જનરલ પોપ ફ્રાંસીસ,સાથે વેટીકન સીટીમાં મળવા એકઠા થનાર હતા. જેમાં હાલના સંજોગોમાં એકબીજા સમુદાય વચ્ચે માન અને શાંતિ સ્થાપવા માટે યોગ્ય ચર્ચા જરુરી છે તેમ તેઓએ વિચાર્યુ હતું. પોપ ફ્રાંસીસની નેતાગીરી નીચે ઈસ્લામ સાથે ચર્ચના સબંધો  સારા સુમેળ ચાહતા રહ્યા છે.તેમના એપોસ્ટોલીક જવાબદારીઓમાં પણ તેઓએ કેથોલીક અને મુસ્લીમ સબંધોને ખાસ મહત્વ આપ્યું હતું.અને બેઉ ધર્મો વચ્ચેની સમાનતાને તેમણે હંમેશા હાઈલાઈટ્સ કરી હતી.બેઉ ધર્મોના વિશ્વાસમાં માનવતાનું મહત્વ છે તે સ્વીકારાયું છે.આપણે આપણા મહાન પ્રોફેટ અબ્રાહમના વિશ્વાસને ભુલવો જોઈએ નહી.આપણે સાથે મળીને તે સ્વીકારવો જોઈએ.ઈશ્વર દયાળું છે.તે ન્યાયકાળે સર્વ બાબતોનો ન્યાય કરનાર છે.પોપે આ બાબતો લખી હતી.

૧૯૬૯માં સ્થપાયેલ ઓઆઈસીનું નામ કલેકટીવ વોઈસ ઓફ ધ મુસ્લીમ વર્લ્ડ છે.જેનો મુખ્ય મુદ્દો મુસ્લીમોના મકસદોની રક્ષા કરવાનો છે.જે સાથે સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ અને એકતા જાળવીને હક્કોનું રક્ષણ કરવાનો પણ છે.આ બે નેતાઓ વચ્ચેની શરુ થયેલ ચર્ચાઓમાં સીરીયામાં ચાલી રહેલ બે કોમ વચ્ચેનું ઘર્ષણ પણ છે.આ ઉપરાંત મીડલ ઈસ્ટ અને  અન્ય જગ્યાઓ પર જ્યાં ખ્રિસ્તીઓની વધુ પડતી સતાવણી કરવામાં આવી રહી છે,તે ચર્ચાનો અગત્યનો ભાગ છે.મુસ્લીમ અને ખ્રિસ્તી સમુદાય વચ્ચે જે ધાર્મિક ઘર્ષણ થઈ રહ્યું છે તેને દુર કરવા માટે શું કરવું પડે તે બાબતો પણ ચર્ચામાં છે.બેઉ બાજુના લોકોને એકઠા કરવાં જેઓ આ ઘર્ષણ નિવારવા માટે ઈચ્છા ધરાવે છે તેમને અને તેમના સપોર્ટરનો ટેકો કરવો.આજ પ્રમાણે વિશ્વ સ્તરે પણ પ્રયત્નો કરવા.બેઉ નેતાઓએ એ બાબતનો સ્વીકાર કર્યો હતો કે ઈન્ટર રીલીજીયસ ચર્ચાઓ શાંતિ ઉભી કરવા માટે બેઉ પક્ષો માટે ખુબજ મહત્વની છે.તેથી દરેક ધર્મમાં આસ્થા કે વિશ્વાસ ધરાવનારની એ ફરજ બને છે કે આસ્થા અને વિશ્વાસ જળવાઈ રહે અને શાંતિ ઉભી થાય.

સેક્રટરી જનરલ ઈહસનોગ્લુએ આ ઐતિહાસિક શાંતિ સ્થાપવાના વિઝનને સ્વીકારીને જણાવ્યું હતું કે ઈસ્લામ અને ખ્રિસ્તીઓ વચ્ચે લડાઈ નહી પરંતુ શાંતિ અને એકતા ઉભી થવી સમયની જરુરીયાત છે.પોપે આ બાબતની સરાહના કરી હતી.અને આ બાબતને મહત્વની જણાવી હતી.તેમજ આ બાબતને માટે પ્રેકટીકલ પગલાં લેવાનું સુચન કર્યુ હતું.  જેથી બે ધર્મો વચ્ચે શાંતિ અને એકતા સ્થાપવાનુ ંસ્વપ્ન સિધ્ધ થાય.ખાસ કરીને પેલેસ્ટાઈનની પરિસ્થિતિ બાબતે ખાસ વિચારવું જોઈએ.જેરુસાલેમની પરિસ્થિતિ માટે વિચારણા થવી જોઈએ.જે ઘણા બધા ઝગડાઓ અને પ્રશ્નોમાં મુળભુતરીતે વચ્ચે છે.જ્યાં યહુદીઓ,મુસ્લીમો અને ખ્રિસ્તીઓ વચ્ચે ઘર્ષણો થાય છે.આ નેતાઓએ એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે જેરુસાલેમમાં યહુદીઓ,મુસ્લીમો, ખ્રિસ્તીઓ પોતાના ધર્મનું શાંતિથી જતન અને પાલન કરી શકે તેવી સ્થિતિ નિર્માણ થવી જોઈએ.

તેમણે વિશ્વવ્યાપી ધોરણે ન્યાય અને સમાનતાના અધિકારો સહુને મળવા જોઈએ.ગરીબી અને ભુખ નાબુદ થવા જોઈએ.એવી પોતાની મનસા જાહેર કરી હતી.તેથી એવી આશા રાખીએ કે બે નેતાઓ વચ્ચે નવા બંધાયેલ સબંધોથી મુસ્લીમ અને ખ્રસ્તીઓના વિશ્વવ્યાપી સ્તરે સબંધો બદલાય અને શાંતિ સ્થપાય.આ ચર્ચાઓ નવા પરિમાણો ઉભા કરશે એવી આશા રાખી શકાય

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-પ
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

★ **નીલા ફાઇનાન્સ** ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
**નીલા સી.ગામડીયા**
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## શાલેમ મેરેજ બ્યુરો જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૨૬)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૪૨ | એમ.બી.બી.એસ.એમ.ડી. | ૧૨-૧-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૧૬૩ | બી.કોમ.એમ.બી.એ.કોમ્પ્યુ.ટેલી(ફ્રાંસ) | ૧૦-૧૦-૮૪ | - | આર.સી. | કુંવારા |
| ૧૬૫ | પીટીસી.કોમ્યુનીકેશન વેલ્ફેર(ઓસ્ટ્રેલીયા) | ૮-૧૨-૮૩ | ૧ લાખ | આર.સી. | કુંવારા |
| ૧૬૭ | બીએસસી.માઈક્રો.આઈબીએમ.(અમેરીકા) | ૨૬-૧૦-૭૫ | ૮૦હજારપાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૧૯૮ | બીએ ડીપ્લોમા મિકેનીક,એમઆઈટી ઈન્ફો ટેકનો. (ઓસ્ટ્રેલીયા) | ૭-૭-૭૭ | ૮૦હજાર ડોલર | સાલ્વે.આર્મી. | કુંવારા |
| ૨૦૨ | ગ્રેજ્યુએટ,ડીપ્લોમા હાર્ડવેર,નેટવર્ક(યુકે રીર્ટન) | ૨૬-૧૧-૭૭ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૦૫ | હોટેલ મેનેજમેન્ટ,બેગ્લોર,ટુરીઝમ,હોસ્પી.(ઓસ્ટ્રે) | ૨૯-૮-૮૧ | ૩૦૪૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૦૭ | બી.ઇ.(યુકે) | ૨૬-૩-૮૨ | ૧હજાર પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૨૧૧ | એન્જી.ઇન ઈન્ફો. ટેક.આઈટી.બીઈ.(દુબાઈ) | ૧૧-૧-૮૬ | ૬૦૦૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૨૨૧ | બીઈ મીકેનીકલ.(યુકે)એમએસસી(યુકે રીર્ટન) | ૨૧-૮-૭૬ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૩૪ | હોટલ એન્ડ ટુરીઝમ મેનેજ.એમબીએ ચાલુ(યુએસ) | ૩૦-૬-૮૯ | ૧ લાખ | આર.સી. | કુંવારા |
| ૨૧૫ | બીએ.વીથ ઈંગ્લીંસ,રજી.નર્સ(ઓસ્ટ્રેલીયા) | ૯-૫-૮૩ | ૩૦૦૦ડોલર | સીએનઆઇ | કુંવારા |
| ૨૫૬ | ડીપ્લોમા બીઝનેસ મેનેજ.(યુએસ.યુ.કે રીટર્ન) | ૧૬-૧૧-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૨૬૧ | એમબીબીએસ.એમડી. પેથો(ચાલુ) | ૧૪-૮-૮૬ | ૨૮૦૦૦ સ્ટા. | આર.સી. | કુંવારા |
| ૨૬૩ | બીએસસી. | ૨૭-૪-૮૭ | ૪૦૦૦ ડોલર | મેથો. | કુંવારા |
| ૨૬૭ | એમએસસી(એગ્રી)હોટીકલ્ચર | ૫-૭-૮૧ | ૫૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૨૬૯ | બીઈ.કોમ્પુટર એમ.એસ.(યુએસ) | ૧૩-૮-૮૫ | - | સીએનઆઇ | કુંવારા |
| ૨૭૪ | એમઆઇટી(ઓસ્ટ્રેલીયા)રીટર્ન | ૧૩-૧૧-૮૫ | ૪૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૮૧ | હોસ્પી.મેનેજમેન્ટ(ઓસ્ટ્રેલીયા) | ૨-૩-૮૪ | ૨.૫લાખ | આર.સી. | કુંવારા |
| ૩૦૦ | ટીવાયબીએ(યુકે) | ૭-૯-૮૫ | ૧૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૦૧ | પીજી ડી બીઝનેસ મેનેજ.(યુકે) | ૨૧-૮-૭૯ | ૨૫૦૦ પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૩૦૨ | એમબીબીએસ.એમડી.પીડીયા. | ૧૩-૩-૮૩ | ૬૦૦૦૦ | સા.આર્મી | છુટાછેડા |
| ૨૦૨ | એમબીબીએસ.એમડી.ફીજીશ્યન | ૨૯-૯-૭૭ | ૧.૨૫લાખ | | |
| ૧૮૨ | બીડીએસ(યુકે) | ૨૨-૧૨-૭૨ | - | બેપ્ટીસ | કુંવારા |
| ૧૭૫ | બીએસસી માઈક્રો.(યુએસ) | ૧૭-૪-૬૯ | - | આર.સી. | છુટાછેડા |
| ૧૮૯ | ડીપ્લોમાં મીકે.એન્જી. | ૨૭-૪-૭૩ | - | અલાયન્સ | છુટાછેડા |
| ૧૯૮ | પોસ્ટ ગ્રેજ્યુ.એકાઉન્ટ ટોરંટો કેનેડા | ૨૧-૮-૮૦ | ૪૦૦૦ ડોલર | આર.સી. | છુટાછેડા |

### ★ યુવતીઓ (૨૬) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧૮ | એન્જી.માસ્ટરડીગ્રી કેનેડા | ૫-૧૨-૬૮ | ૫૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૨૨૧ | ફીઝીયો થેરાપીસ્ટ (યુએસ) | ૧૮-૮-૮૧ | ૪ લાખ | આર.સી. | કુંવારા |
| ૨૨૬ | એમબીબીએસ એમડી માઈક્રો. | ૨૯-૧૦-૮૦ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૩૩ | એમ.કોમ.એમબીએ (યુકે) | ૧૭-૧૦-૮૪ | - | મેથો | કુંવારા |
| ૨૪૦ | ફીઝીયોથેરાપી | ૧૬-૯-૮૭ | - | સીએનઆઇ | કુંવારા |
| ૨૪૧ | એમબીબીએસ.એમડી. | ૧૪-૧૨-૮૪ | - | મેથો. | કુંવારા |
| ૨૪૫ | એમબીએ(એકા)એમબીએ(ફાય)યુએસ | ૨૫-૨-૮૭ | ૫૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૫૨ | એમબીબીએસ.એમડી. | ૨૮-૯-૮૪ | ૭૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૨ | એમએસડબલ્યુ,એલએલબી. લંડન રીર્ટન | ૨૫-૯-૮૫ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૩ | બીફાર્મ,પીટીસી,કેમી.ટેકનો.(કેનેડા) | ૨૪-૮-૮૫ | ૧૫૦૦ ડોલર | આર.સી. | કુંવારા |
| ૨૭૧ | બીએસસી(નર્સીંગ)એમએસસી(નર્સીંગ)લંડન | ૧-૨-૮૮ | ૧૦૦૦પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૨૭૪ | બીએસસી,માઈક્રો.એમએસટી.એમબીએ(ઓસ્ટ્રે) | ૨૯-૪-૭૮ | ૧૬૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૨૭૫ | એમએ.બીએડ.એમબીએ.સેકે.કોર્ષ( યુકે) | ૧૭-૫-૭૯ | ૧૦૦૦ પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૨૮૬ | બીકોમ (યુએસ.ગ્રીનકાર્ડ) | ૨૩-૧૧-૭૨ | - | આર.સી. | કુંવારા |
| ૨૮૮ | બીઝનેસ મેનેજ.ડીપ્લો.એવીએશન(ન્યુઝીલેન્ડ) | ૩-૧-૮૭ | ૧,૨૦,૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૮૯ | એમ.એ.(અંગ્રેજી). એમ.એ. માસ કોમ્પ્યુ. (યુકે) | ૧૫-૧૧-૮૪ | ૧ લાખ | સીએનઆઇ | કુંવારા |
| ૨૯૭ | એમબીએ (ઓસ્ટ્રેલીયા) રીટર્ન | ૨૦-૯-૮૭ | ૧૮૦૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૨૯૯ | બીકોમ.સોફ્ટ.પ્રોગ્રા.ગર્વ.કોલ સેન્ટર(યુકે)રીટર્ન | ૨૮-૧૦-૮૩ | ૨૮૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૩૦૨ | ફીજીયો.પીએચડી ચાલુ(યુએસ) | ૫-૭-૮૪ | ૩ લાખ | આર.સી. | કુંવારા |
| ૩૦૩ | એમ.એ.(ઈંગ્લીસ)એમબીએ ચાલ (યુકે) | ૧૮-૯-૮૩ | ૭૦૦ પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૩૦૪ | બીકોમ.એમબીએ(યુકે) | ૨-૮-૮૧ | ૫૦૦૦ પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૩૦૬ | એમએ.બીએડ.ડીસીએ(ઈલેક્ટ્રો.)(યુકે) | ૩૦-૧-૭૫ | ૨૫૦૦ પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૧૦૪ | બીએ નર્સીંગ(યુએસ સીટીઝન) | ૨૦-૪-૭૬ | - | સા.આર્મી. | છુટાછેડા |
| ૨૧૦ | બીકોમ કોમ્પુ.એન્જી. સ્ટાફ નર્સ ( કેનેડા) | ૨૯-૭-૭૮ | ૩૦૦૦ ડોલર | સીએનઆઇ | છુટાછેડા |
| ૨૩૫ | બીબીએ.આસી.ફાર્મા.ટેકની.(યુએસ ગ્રીનકાર્ડ) | ૨૨-૩-૮૪ | - | મેથો. | છુટાછેડા |
| ૧૧૨ | બીએસસી.નર્સીંગ પોસ્ટ ગ્રેજ્યુ. ઓસ્ટ્રે)સીટીઝન | ૫-૮-૭૪ | ૬૦૦૦ ડોલર | મેથો | છુટાછેડા |
| ૧૨૬ | માસ્ટર ઈન ઈન્ફો.સીસ્ટમ (ઓસ્ટ્રે) સીટીઝન | ૧૧-૭-૭૨ | ૬૦૦૦૦ | એસેમ્બલી | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**
**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**
તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે E.mail :salem-bhailalbhai@yahoo.com

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# સીરીયામાં વર્લ્ડ વિઝન અસરગ્રસ્તોની વહારે



વર્લ્ડ વિઝન દ્વારા તાત્કાલીક બ્લેન્કેટ્સ,તાર્પ્સ,રબર બુટ્સ, મોજાં, વિન્ટર હેટ હજારો સીરીયન વિસ્થાપીતોને વહેચવા માટે તૈયારી શરુ કરી દીધી છે. કારણે કે આ અસરગ્રસ્તોને ભારે બરફવર્ષા,વરસાદ અને ઠંડા બર્ફીલા પવનોનો સામનો કરવાનો સમય આવી ગયો છે.વર્લ્ડ વિઝન ઓસ્ટ્રેલીયાના હેડ ઓફ હ્યુમીનીટેરીયન એન્ડ ઈમરજન્સી એફેર્સ,એન્થીયા સ્પીન્કે જણાવ્યું હતું કે તેઓ તથા તેમની સાથે મદદગાર એજન્સીઓએ આ અસરગ્રસ્ત લોકોની સહાય માટે તમામ વ્યવસ્થા કરી રહી છે. જેઓ ટેમ્પરરી શેલ્ટરમાં આશરો લઈ રહ્યા છે તેમને માટે વ્યવસ્થાઓ ખાસ જરુરી છે.જેથી અમો એવા લોકોને મદદ કરવા માટે આયોજન કરી રહ્યા છીએ.

૨.૨ મીલીયન લોકો સીરીયામાંથી નાસી છુટ્યા છે. અને ૬.૫ મીલીયન લોકો દેશના અંતરમ ભાગોમાં વિસ્થાપિત રીતે જીવી રહ્યા છે. તેમને મદદની જરુર છે.વર્લ્ડ વિઝન બ્લેન્કેટ વહેચી રહી છે સાથે સાથે સ્ટવ અને કેરોસીન ખરીદવા માટેના વાઉચર પણ આપી રહી છે. ૨૫ હજાર ફેમીલી જે લેબોનેનમાં આશરો લઈ રહ્યા છે અને ભારે હિમવર્ષાનો ભોગ બન્યા છે તેમને આ મદદ અપાઈ રહી છે.ઝતારી કેમ્પ,જોર્ડનમાં અને તે પૈકી કેટલાક લેબનોનમાં શિફ્ટ થયા છે તેઓ પુર પ્રકોપનો ભોગ બન્યા છે.તેમજ ત્યાં ઠરીને ઠીકરું બની જાય તેવું વાતાવરણ બન્યું છે.૩૦ હજાર બાળકોને ઠંડીમાં રક્ષણ આપવા માટે કોટ જોર્ડન ઝતારી કેમ્પમાં આપવાના છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**
પી.જી.યોગા,ડીએચએમએસ
**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**
**એકસ.સીની.કન્સલ્ટન્ટ,**
**રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ**
**એકસ.સીની.કન્સલ્ટન્ટ**
**મોરારજી દેસાઇ આરોગ્યધામ,**
**હેલ્થ-વેલ્થ પ્લાનર**
**ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર**
**મો.૯૩૭૬૧ ૦૦૮૯૮**
E.mail : drhamparikh@yahoo.co.in



**શાલેમ મેરેજ બ્યુરો**
- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**
**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે

સફળતા કોને કહેવાય ? આમ તો દરેક વ્યક્તિની દૃષ્ટિએ સફળતાનો અર્થ જુદો જુદો હોઈ શકે. કોઈ તેને સંપત્તિ સાથે સાંકળી શકે તો કોઈ તેને સ્વાસ્થ સાથે સાંકળે તો કોઈ તેને અભ્યાસ સાથે કે સમાજમાં મળતા મોભા-પ્રતિષ્ઠા સાથે સાંકળી શકે. આમ છતાં સફળતા એ આંતરિક બાબત છે.જે બાબતને તમે પ્રાધાન્ય આપીને સફળતા ગણો છો તેને અન્ય વ્યક્તિ સફળતા ન પણ ગણે.પણ તે માટે આપણે આપણી પસંદગી કે રસ રુચિ બદલવાની જરુર નથી.તમને મજા આવતી હોય , સંતોષ મળતો હોય અને સમાજ તેને સહર્ષ સ્વીકારતો હોય તેવી દરેક બાબતમાં આગળ વધો, એ જ તમારી સફળતા છે.

તમારી શક્તિ અને મર્યાદાને જાણો. વ્યવહારિક બનો. એટલે કે વાસ્તવિકતાનો સ્વીકાર કરો. તમને જે મળ્યું છે તે છે અને નથી તે નથી.તેનો સ્વીકાર કરો અને મહેનત કરવા મંડી પડો.પોાતની બહેરી પત્ની માટે શ્રવણયંત્ર શોધવાનો અલેકઝાંડર ગ્રેહામ બેલે ખુબ પ્રયત્ન કર્યો હતો.તેઓશ્રવણયંત્ર ન શોધી શક્યા. હા, ટેલીફોનના સિધ્ધાંતો જરુર શોધી કાઢ્યા.આમ કરેલું ફોગટ જતું નથી.એન્ડુ કારનેગ કહે છે, એક સામાન્ય વ્યક્તિ પોતાની શક્તિના ૨૫ ટકા જ કામ કરે છે.જેઓ ૫૦ ટકાથી વધુ શક્તિ ખર્ચે છે તેઓને જગત સલામ કરે છે.પરંતુ જેઓ ૧૦૦ ટકા શક્તિ ખર્ચે છે તેમને જગત આસમાનની બુલંદી પર બેસાડે છે.

સફળતા અને સંઘર્ષને નજીકનો સબંધ છે.બંને એકબીજાની સાથે ચાલે છે.જ્યાં સફળતા હોય ત્યાં સંઘર્ષ હોય અને સંઘર્ષ હોય ત્યાં સફળતા પણ આવે. તમે કહેવત સાંભળી હશે, ‘‘શાંત દરિયો કદી કુશળ ખલાસી બનાવતો નથી.’’ આમ સંઘર્ષ દ્વારા મળેલી સફળતા જ સંતોષ સાથે નિજાનંદ આપે છે. પ્રયત્ન વિના, પ્રાપ્ત થયેલ લક્ષ્ય ધાર્યો સંતોષ કે આનંદ આપી શકતા નથી.

ટોમ વોટસનના મતે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી નાંખો. એટલે કે પ્રયત્નો વધારી દેવા જોઈએ.તેમાં ભલેને મોટા ભાગના પ્રયત્નો નિષ્ફળતામાં પરિણમે. લોકો સફળતાને જુએ છે.વધાવે છે,તે માટે થયેલ નિષ્ફળ પ્રયત્નોને કોઈ મહત્વ આપતું નથી.નિષ્ફળ થવાશે તેમ માનીને કશું જ ન કરનાર કરતાં, સતત નિષ્ફળ થનાર વ્યક્તિ પણ જો પોતાના પ્રયત્નો ચાલુ જ રાખતો હોય તો તે વધારે પ્રમાણિક અને વિશ્વાસુ ગણાય.

એક ખેડુતની વાડી જોઈને કોઈએ કહ્યું કે વાહ ભગવાને કેટલી સુંદર વાડી તને આપી છે.તારે ભગવાનનો આભાર માનવો જોઈએ. ત્યારે પેલા ખેડુતે કહેલું કે હા હું ભગવાનનો આભારી છું.પણ તમારે આ વાડી પાંચ વર્ષ પહેલાં જોવી જોઈતી હતી.જ્યારે તે માત્ર પ્રભુના ભરોસે હતી. અહીં અર્થઘટન એ કરવાનું કે ભગવાનને ભરોસે બધું ન છોડાય. આપણી મહેનત હોય તો જ સફળતા મળે. પ્રિન્સ લોમ્બાર્ડી જણાવે છે કે વિજયી બનવાની ઈચ્છા બધાને હોય છે, પણ એ માટે નક્કર યોજના બનાવી પુર્વ તૈયારી કરવા માટે ખુબ ઓછા લોકો તૈયાર થતા હોય છે.સફળતા મેળવવા માત્ર શૈક્ષણિક ડીગ્રી જ કામ આવતી નથી.સફળ વ્યક્તિઓમાંથી મોટા ભાગની વ્યક્તિ અભ્યાસમાં મોખરાનું સ્થાન ધરાવતી ન હતી.અરે, ઘણી વ્યક્તિઓ તો અભ્યાસમાં નાપાસ પણ થતી હતી. તો કેટલીક વ્યક્તિઓ તો અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હતો. કેટલાંક ઉદાહરણો વાંચો. લકવાગ્રસ્ત વિલ્મા રુડોલ્ફ પોતાની તીવ્ર ઈચ્છાશક્તિ અને મહેનતને કારણે ૧૯૬૦માં ઓલિમ્પીકમાં સૌથી ઝડપી મહિલા તરીકે પ્રથમ આવી હતી.શૈલી માન બાળપણમાં લકવાગ્રસ્ત બની હતી. છતાં તરણવિદ્યા શીખી ૧૯૫૬ની મેલબોર્ન ખાતેની ઓલિમ્પીકમાં તેણે ત્રણ વિક્રમ સર્જ્યા હતા.હેની ફોર્ડ જ્યારે પોતાની જીવનની પ્રથમ કાર બનાવી ત્યારે તેઓ તેમાં રીવર્સ ગીયર નાંખવાનું ભુલી ગયા હતા.અને ૪૦માં વર્ષે નાદારી નોધાવી હતી.વીજળીનો દિવો શોધવામાં થોમસ આલ્વા એડીસનને સફળતા મળી એ પહેલાં ૧૦,૦૦૦ પ્રયોગ નિષ્ફળ નીવડ્યા હતા.સુપરસ્ટાર રજનીકાંત ૨૪માં વર્ષે બસ કંડકર હતો.બીલ ગેટસે પોતાનું યુની.નું શિક્ષણ પુરુ કર્યું નથી.સચિન તેંડુંલકર ૧૦માં ધોરણની પરીક્ષામાં નાપાસ થયો હતો.આમ સફળતા માટે માત્ર શિક્ષણ જ ઉપયોગી નથી.તમને જેમાં રસ છે, તમને જે ગમે છે તે પુરા લગાવથી મન મુકીને કરો. તમે સફળ થશો જ, અંતે દોસ્તો એટલું યાદ રાખજો કે ,બધા બધું નથી બની શકતા અને બધા એ બધું બનવાની જરુર પણ નથી.

ડો. અશોક પટેલ(સૌ.)




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


# આશાનો દિવડો જલતો રાખજો, શાંતિ કોઇની જવાબદારી છે

દિવસે દિવસે મંદિરો ભવ્ય બનતા જાય છે, પરંતુ ઉપાસના કથળતી જાય છે. મસ્જીદોની ભવ્યતા વધતી જાય તોય બંદગી કરમાતી જાય છે, ચર્ચ અતિ ભવ્ય જ પરંતુ પ્રાર્થનાની ભીનાશ ઘટતી જાય છે. ઈસુને ખુબજ વ્હાલા લાગે એવા પોપ ફ્રાંન્સીસ વેટકનમાં વિરાજમાન છે. તેઓ ગરીબમિત્ર છે અને નોખી માટીના પોપ છે. તેઓ એક જેની દિવાલોના પોપડા ઉખડી ગયા હોય એવું જર્જરિત અને સાફ સુથરુ હોય એવું ચર્ચ મને પસંદ છે,કારણકે એ કોઈ ફળીયામાં આવેલું છે

ઈટાલીમાં આવેલા એક પવિત્ર ડુંગરને તીર્થસ્થાનનો દરજ્જો પ્રાપ્ત થયો છે. બારમી સદીમાં થઇ ગયેલા સંત ફ્રાંસીસ ઓફ અસ્સીસીને દુનિયાના ખ્રિસ્તી પ્રજા ઈસુ પછી સૌથી આદરણીય મહાત્મા ગણે છે. થોડાક દિવસો પહેલાં આજના પોપ ફ્રાંસિસે એ પવિત્ર સ્થાનકની મુલાકાત લીધી ત્યારં શું બન્યું ?નામદાર પોપ ત્યાં સહજભાવે જે ઉદ્‌ગાર્યા તે સાંભળો :શાંતિની આ નગરીમાંથી હું પુરી શક્તિ સાથે અને પ્રેમથી લથપથ એવી નમ્રતા સાથે વારંવાર કહેતો રહીશ કે આપણે સૃષ્ટિના સર્જનનો આદર કરીએ અને વિનાશના હાથા ના બનીએ.

પોપ ફ્રાંસિસના હૃદયમાં દુનિયાના ગરીબોની દુર્દશાની પીડા સતત જીવતી રહે છે. વેટીકનના એપોસ્ટોલિક પેલેસ એમનું નિવાસસ્થાન ગણાય. પોપ ફ્રાંસિસે એમાં રહેવા જવાનો ઈન્કાર કર્યો અને કહ્યું : આટલી જગામાં તો ૩૦૦ જણા રહી શકે છે. મારે આટલી જગાની જરુર નથી.કહે છે કે બારમી સદીમાં સંત ફ્રાંસીસ ભગવાન સમક્ષ પોતાના વસ્ત્રો ઉતારીને ગરીબો સાથે એકાત્મતા પ્રગટ કરી હતી. એ સંતના સ્થાનકે પેલી ટેકરી પર પહોચેલા આજના ના. પોપે લોકોને સંબોધન કર્યું તેમ આપણે સૌએ આ દુન્યવી ઠઠારા ત્યજીને(દ્રવ્યવાદના) વસ્ત્રો ખંખેરી નાંખવા જોઈએ.ઈસુના મિજાજ સાથે દુન્યવી ઠઠારાનો મેળ પડતો નથી.પૈસાની પુજા અને દુન્યવી માયા સમાજનું કેન્સર છે.જે આડંબર, ઉધ્ધતાઈ,અને અભિમાન તરફ દોરી જાય છે.તમારામાંથી કેટલાક વંચિત લોકોને આ અસભ્ય દુનિયાએ ખંખેરી મુક્યા છે તેથી રોજગાર અને મદદ નથી.બાળકો ભુખે મરે તેની ચિંતા નથી. ભવ્ય ચર્ચની બહાર દુર દુર ઉભેલા ગરીબ આદમીની લગોલગ ઉભેલા ઈશુને પોપ ફ્રાંસિસ નિહાળતા રહે છે.

કવિ કરસનદાસ માણેકે ઈસુ ખ્રિસ્તને મેરીનંદન કહ્યા હતા.ઈસુએ ઉપદેશ આપવાનું શરુ કર્યુ એટલે તે કાળે જામી પડેલા સ્થાપિત હિતો સાવધ થઈ ગયાં.ઈસુની લોકપ્રિયતામાં એમને જોખમ જણાયું. પહેલાં નિંદા-કુથલી ચાલી, પછી મશ્કરી થવા લાગી,પછી ગેરસમજ શરુ થઈ.પછી વિરોધ થયો અને છેવટે સજ્જડ વિરોધ થયો.વિરોધની ચરમસીમાએ ઈસુ વધસ્તંભ પર જડાયા. ઈસુ કડવાબોલા હતા,સ્પષ્ટ વ્યક્તા હતા અને ક્રાંતિવીર હતા. એમના ધગધગતા શબ્દોમાં ક્રાતિનો પ્રતિધ્વનિ આજે પણ સંભળાય છે.

હું જગતમાં શાંતિ લાવવા માટે જ નથી આવ્યો, રમખાણ મચાવવા માટે પણ આવ્યો છું.બાપ અને દીકરા વચ્ચે,સાસુ અને વહુ વચ્ચે વિરોધ મચશે, સૌથી મોટો કલહ ઘરમાં જ જાગશે. જે મારા કરતાં માતપિતાની કિમંત સમજશે કે દીકરા દીકરીનો મોહ વધુ રાખશે તે મને પામવાને યોગ્ય નથી. મને અનુસરવું હોય તો પોતાનો ક્રોસ પોતાને ખભે મુકીને ચાલ્યા આવો.

ઈ.સ.૧૮૬૪માં જીનીવા કન્વેન્શનની ફલશ્રુતિરૂપે આં.રા. રેડક્રોસની સ્થાપના થઈ.યુધ્ધમાં ઘવાયેલા કોઈના લાડકવાયાની સારવારનું કરુણામય કાર્ય રેડક્રોસ દ્વારા ત્યારથી રાષ્ટ્રીયતા કે કોમના ભેદભાવ વિના આજ પર્યત ચાલી રહ્યું છે.ઈસુનો ક્રોસ પવિત્ર છે.પરંત તે પવિત્રતા રેડક્રોસના સેવાકાર્ય થકી સક્રિય બની. યાદ છે ? અંગ્રેજ નર્સ ફલોરેન્સ નાઈટૈંગલ(૧૮૨૦-૧૯૧૦) ઈતિહાસમાં લેડી ધ લેમ્પ તરીકે વિખ્યાત હતી.એણે હોસ્પીટલમાં દર્દીઓની શુશ્રુષામાં સુધારા કરને ઈસુનું પાકુ સ્મરણ કરાવ્યું.આજે પણ કોઈ શુભવસ્ત્રવૃતા એવી સેવાભાવી નર્સને જ મળીએ ત્યારે ફલોરેન્સ નાઈટેગલનું પાવક સ્મરણ થાય છે.ઈસુની કરુણાને પ્રગટ કરનારી બીજી ઘટનાની નોંધ નાતાલના પવિત્ર દિવસોમાં લેવી જ રહી.એકવીસમી સદીમાં માનવી માનવ અધિકારોની માવજતમાં સમાયો છે.એ અધિકારોની માવજત આજે એમનેસ્ટી ઈન્ટરનેશનલ જેવી સંસ્થા કરી રહી છે.મનના ખુલ્લાપણાની દષ્ટિએ દુનીયામાં આ ખ્રિસ્તી પ્રજા સૌથી મોખરે છે.

એક યહુદી ધર્માચાર્ય (રાબી)પોતાના સીનાગોગમાં બેઠા હતા.બરાબર એ જ વખતે એક સાવ ગરીબ માણસ એમની નજીક આવ્યો અને બોલ્યો :રબ્બાઈ તમે મને કશુંક આપી શકો ?રબ્બાઈ પાસે ગજવામાં ત્યારે એક ડોલર પર નહોતો. અન્ય કોઈ માણસ હોત તો તેણે કહી દીધુ હોત, સોરી આજે અત્યારે મારી પાસે તને આપવા જેવું કશુંય નથી.આ તો જુદી માટીના રબ્બાઈ હતા. એમણે તો પેલા ગરીબ માણસની વારંવાર માફી માંગી અને કહ્યું : બંધુ મારા તુ મારી સાથે મારા માળ પર આવી શકે છે ? આવું કહેતા ધર્માચાર્યનું હૃદય સાવ જ નબળું પડી ગયું હતું.અને પગે સોજા આવ્યા હતા. દાદરના પગથિયા ચડવામાં તો એમને ભારે તકલીફ થઈ.બંને જણા માળ પર આવેલા તેમના ઓરડામાં પહોચ્યા.ધર્માચાર્યે ત્યાં લટકતા પાટલુનના ગજવાં ફંફોળ્યા. છેવટે થોડાક ડોલર હાથ લાગ્યા. એમણે એ બધાજ ડોલર પેલા ગરીબ માણસને આપી દીધા અને કહ્યું : આજે આટલા જ છે કાલે આવજે..કદાચ મારી પાસે થોડાક ડોલર હશે. આ યહુદી ધર્માચાર્યનું નામ શ્લોમો હતું. તેઓનું અવસાન થયું ત્યારે એમની પાસે એક ડોલર પણ નહતો.એમની દફનવિધિ માટે લોકોએ ફાળો એકઠો કરવો પડેલો. તેઓ ગરીબના મિત્ર હતા.

આશાનો દિવડો જલતો રાખજો.થોડાક હિંસક મનુષ્યો ઘણાબધા લોકો માટે પીડા અને મૃત્યુના વાવેતર કરે એવા આતંકવાદની કેદ(અમને) મંજુર નથી. શાંતિ કોઈની જવાબદારી છે.(પોપ ફ્રાંસિસ)

ગુણવંત શાહ ( દિ.ભા)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ. મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.